Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

અબ તો એક ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-46 ■ તા. 12-11-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

મહારાષ્ટ્રમાં ફરી ઉથલપાથલ થશે? અજિત પવારને મળ્યા બાદ શરદ પવારે એવું નિવેદન આપ્યું કે રાજકારણ ગરમાયું

શરદ પવાર અને અજિત પવાર પોતાના પૂરા પરિવાર સાથે પૂણેમાં પ્રતાપરાવ પવારના આવાસ પર દિવાળી (ઢ્ઢૈઠ્ઠૈ ૨૦૨૩) માટે એકઠા થયા છે. આ અવસર પર શરદ પવારે દિવાળીની શુભકામના પાઠવી છે. પવારે એમ પણ કહ્યું કે, વ્યક્તિના જીવનમાં ઉતાર-ચઢાવ અને મુશ્કેલીઓ આવે છે તથા ક્યારેક-ક્યારેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરંતુ થોડા દિવસો માટે મુશ્કેલીઓને ભૂલીને પરિવાર સાથે સમય વિતાવવો પડે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દિવાળી પહેલા આખો પરિવાર બાણેર સ્થિત પ્રતાપરાવ પવારના આવાસ પર મળ્યો છે. આ પારિવારિક સમારોહમાં શરદ પવાર અને અજિત પવાર પણ પહોંચ્યા હતા. દ્રઝ્ઝૅના દાવાને અદાલતમાં પડકારનારા કાકા અને ભત્રીજા ફરી એક વખત પરિવાર સાથે એકજૂથ નજર આવ્યા. જેના કારણે રાજકારણ ગરમાયુ છે. આ પહેલીવાર નથી કે, જ્યારે 'કાકા' અને 'ભત્રીજા' એકસાથે નજર આવ્યા હોય. અજિત પવાર છેલ્લા કેટલાક દિવસોથી ડેન્ગ્યુથી પીડિત છે. કેબિનેટની બેઠક હોય, પ્રદૂષણ પરની બેઠક હોય કે અન્ય કોઈ સરકારી કાર્યક્રમ હોય અજિત પવાર આ તમામ બેઠકોથી દૂર રહેતા નજર આવ્યા છે. પરંતુ અજિત પવારે પ્રતાપરાવના ઘરે કાર્યક્રમમાં સામેલ થવાની જિદ કરી. આ બેઠક બાદ શરદ પવારની બહેન અને સુપ્રિયા સુલેની પ્રતિક્રિયા પણ સામે આવી છે.શરદ પવાર સાથે મુલાકાત બાદ અજિત પવાર દિલ્હી માટે રવાના થઈ ગયા છે. અજિત પવાર સાથે પ્રફૂલ્લ પટેલ પણ હાજર હતા. દિલ્હીમાં તેમણે અમિત શાહ સાથે મુલાકાત કરી છે. એવી ચર્ચા છે કે, ડેપ્યુટી સીએમ એ મહારાષ્ટ્રમાં મરાઠા અનામત, દ્રઝ્ઝમાં રાજકીય સંકટ અને દ્રઝ્ઝ પર દાવાને લઈને તેમની સાથે મુલાકાત કરી છે.

મહુઆ મોઈત્રાને લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવશે! એથિક્સ કમિટીમાં પ્રસ્તાવ પસાર

નવીદિલ્હી,તા.૧૧

પૈસા લઈને સવાલ પૂછવાના મામલામાં ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલી વધવાની છે. એથિક્સ કમિટીમાં તૃણમૂલ સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. મહુઆ મોઈત્રા વિરુદ્ધ પ્રસ્તાવ પર પક્ષમાં છ સાંસદોએ મત આપ્યો હતો. તો પ્રસ્તાવ પર વિપક્ષમાં વોટની સંખ્યા ૪ રહી. ખાસ વાત છે કે કોંગ્રેસ સાંસદ પરનીત કૌરે પણ પ્રસ્તાવના પક્ષમાં મત આપ્યો છે. કમિટીએ પોતાના પ્રસ્તાવમાં મહુઆને સાંસદના રૂપમાં સસ્પેન્ડ કરવાની ભલામણ કરી છે. બેઠક બાદ સોનકરે કહ્યુ કે સમિતિના છ સભ્યોએ રિપોર્ટને સ્વીકાર કરવાનું સમર્થન કર્યું અને ચારે તેનો વિરોધ કર્યો. સૂત્રોએ જણાવ્યું કે સમિતિએ મોઈત્રાને લોકસભામાંથી સસ્પેન્ડ કરવાની ભલામણ કરી છે. હવે રિપોર્ટ આગળની કાર્યવાહી માટે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મોકલવામાં આવશે. આ પહેલા મીડિયા રિપોર્ટના હવાલાથી કહેવામાં આવ્યું કે મોઈત્રા વિરુદ્ધ લાગેલા 'પૈસા લઈને પ્રશ્ન પૂછવા સંબંધી આરોપોની તપાસ કરી રહેલી લોકસભાની આચાર સમિતિ રાષ્ટ્રીય સુરક્ષા પર અનૈતિક આચરણની અસર પડવાના આધાર પર તેમને સંસદના નિચલા ગૃહમાંથી સસ્પેન્ડ કરવાની ભલામણ કરી શકે છે.'રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે- ડ્રાફ્ટ રિપોર્ટમાં મોઈત્રાના આચરમની નિંદા કરવામાં આવી છે. તેને 'અત્યંત વાંધાજનક, અનૈતિક, જઘન્ય અને અપરાધી' તરીકે વર્ણવવામાં આવ્યું છે. સરકારને આ મામલે સમયસર કાયદાકીય અને સંસ્થાકીય તપાસ કરવા પણ કહેવામાં આવ્યું છે. એથિક્સ કમિટીમાં કુલ ૧૫ સભ્યો છે. સમિતિમાં ભાજપના સાત, કોંગ્રેસના ત્રણ અને બસપા, શિવસેના, રૂજીઈ કોંગ્રેસ પાર્ટી, સીપીએમ અને જયદૂના એક-એક સભ્ય સામેલ છે. ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મોઈત્રા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. તેમણે મોઈત્રા પર ભેટના બદલે ઉદ્યોગપતિ દર્શન દીરાનંદાનીના ઈશારા પર અદાણી સમૂહને નિશાન બનાવવા માટે લોકસભામાં સવાલ પૂછવાનો આરોપ લગાવ્યો હતો. આ પહેલા ૨ નવેમ્બરે સમિતિની બેઠકમાં હાજર પાંચ વિપક્ષી સભ્યો આ આરોપ લગાવતા બેઠકમાંથી બહાર ચાલ્યા ગયા હતા કે સોનકરે મોઈત્રાની યાત્રા, હોટલમાં રોકાવા અને ટેલીફોન પર વાત કરવાના સંબંધમાં તેમને વ્યક્તિગત અને અશોભનીય પ્રશ્ન પૂછ્યા છે.

કેન્દ્રીય એજન્સીઓને કાર્યવાહી કરતા ન રોકી શકે ચૂંટણી પંચ

રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. આવા સમયે કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે કેન્દ્રની ભાજપ સરકારના ઈશારે સેન્ટ્રલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન વિપક્ષી નેતાઓ સામે કાર્યવાહી કરી રહી છે. આ પક્ષોએ ચૂંટણી પંચને કેન્દ્રીય એજન્સીઓ પર લગામ લગાવવાની માંગ કરી છે. હવે નિયમ એવો છે કે ચૂંટણી સમયે વૈધાનિક સત્તાઓ ચૂંટણી પંચના હાથમાં હોય છે. તો શું પંચ કેન્દ્રીય એજન્સીઓને પગલાં લેવાથી રોકી શકે છે? જોઈએ વિગતવાર. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ ચૂંટણી પંચ કેન્દ્રીય એજન્સીઓને બંધારણીય ધોરણો પ્રમાણે કામ કરતા રોકી શકે નહીં. કાનૂની નિષ્ણાત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ઈન્ટેલીજન્સ ઈન્ફોર્મેશન એકઠી કરવી, તપાસની લીડ્સ શોધવી અને જપ્તી, ઢ્ઢૈઁ નોધવી અને ધરપકડ કરવી, આઈપીસી, સીઆરપીસી અને એવિડન્સ એક્ટ જેવા ગુનાહિત કોડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. તેમને કોઈપણ સંજોગોમાં રોકી શકાય નહી.એક વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ ચૂંટણી પંચને કલમ ૩૨૪ હેઠળ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીના હિતમાં નિર્દેશ આપવાની સત્તા છે. જો કે, આ સત્તા એજન્સીઓ દ્વારા લેવામાં આવતી કાર્યવાહીને રોકી શકતી નથી. કોર્ટ પાસે આ ક્રિયાઓને રોકવા અથવા બદલવાનો અધિકાર છે. 'પૂર્વગ્રહ'ના આધારે ઢ્ઢૈઁ રદ કરવાની માંગ નીચલી કોર્ટમાંથી અથવા સીધી હાઈકોર્ટમાંથી અથવા ઝઁઝિની કલમ ૪૮૨ હેઠળ રિટ દ્વારા કરી શકાય છે. આ સિવાય અન્ય કોઈ એજન્સી તેને રોકી શકે નહીં.

બુધવારે કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચ પાસે રાજ્યોમાં ઈઢ્ઢ દ્વારા સતત દરોડા પાડવાની માંગ કરી હતી. મહાદેવ એપ કેસમાં ઈઢ્ઢ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે. કોંગ્રેસનું કહેવું છે કે રાજકીય દબાણને કારણે ચૂંટણીની વચ્ચે આ રીતે આ બધું કરવામાં આવી રહ્યું છે.

પ્રદૂષણ સામે ઝઝૂમતી દિલ્હીમાં વધુ એક આફત, દિવાળીની તૈયારીઓ વચ્ચે ધરા ધ્રૂજી, લોકો ફફડી ઊઠ્યાં

. દિલ્હીમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. શનિવારે બપોરે ૩:૩૬ વાગ્યાની આજુબાજુ આ ભૂકંપ આવ્યો હોવાનો અહેવાલ છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૬ મપાઈ હતી. માહિતી અનુસાર પ્રદૂષણના સકંજામાં ફસાયેલી દિલ્હીમાં દિવાળી જેવા પર્વના ટાણે લોકો તહેવારની તૈયારીમાં લાગેલા હતા ત્યાં ભૂકંપના હળવા આંચકાએ પણ લોકોમાં ભયનો માહોલ ફેલાવ્યો હતો. આંચકો એવો હતો કે લોકો ડરને લીધે ઘરની બહાર દોડી આવ્યા હતા. હાલ કોઈ પણ પ્રકારની જાનહાનિના અહેવાલ આવ્યા નથી.

ઉલ્લેખનીય છે કે અગાઉ ૬ નવેમ્બરે પણ દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના ભારે આંચકા અનુભવાયા હતા. ત્યારે રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર ત્યારે નેપાળમાં હતું. દિલ્હી ઉપરાંત ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લા સુધી ભૂકંપની અસર જોવા મળી હતી.

દિવાળી નિમિતે બદ્રીનાથ-કેદારનાથમાં ખાસ પૂજા કરવામાં આવશે

કેદારનાથ,તા.૧૧

દિવાળીના તહેવાર માટે બદ્રીનાથ અને કેદારનાથ ધામને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. પર્વ નિમિત્તે ધામોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવશે. આ અવસર પર બદ્રીનાથ મંદિરને દસ ક્વિન્ટલ મેરીગોલ્ડ ફૂલોથી શણગારવામાં આવ્યું છે. કર્મચારીઓ રંગબેરંગી રોશનીથી મંદિરને શણગારી રહ્યા છે. મંદિરની ચારે બાજુ ફૂલોની માળા લગાવવામાં આવી છે. મંદિરના પ્રવેશદ્વાર પર પીપળા અને આંબાના પાન સાથે ફૂલોના હાર પહેરાવવામાં આવ્યા છે.

ચારધામ યાત્રા છેલ્લા તબક્કામાં છે. અત્યાર સુધી ચારધામની સાથે હેમકુંડ સાહિબના દર્શન કરનારા શ્રદ્ધાળુઓની સંખ્યા ૫૫ લાખને પાર થવા જઈ રહી છે, જે યાત્રાના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ છે. તેમજ બાબા કેદાર અને બદ્રીનાથ ધામમાં ૫૧ હજારથી વધુ ફૈં આવ્યા હતા. કેદારનાથ અને યમુનોત્રી ધામના દરવાજા ૧૫ નવેમ્બરે બંધ રહેશે, જ્યારે ગંગોત્રી ધામના દરવાજા ૧૪ નવેમ્બરે અને બદ્રીનાથ ધામના દરવાજા ૧૮ નવેમ્બરે બંધ રહેશે. ચારધામના દરવાજા બંધ થતાં શિયાળાના છ મહિના સુધી યાત્રા બંધ રહેશે. તેથી આ બન્ને ધામમાં કોઈ જ પ્રકારની પૂજા અર્ચના થશે નહીં, દર્શન માટે પણ છ મહિના સુધી રાહ જોવી પડશે.

છેલ્લા તબક્કામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ મંદિરના દર્શન કર્યા હતા. તેમણે અહીંયા આવીને ખાસ પૂજા અર્ચના કરી હતી. જોકે, ડિસેમ્બર મહિનો નજીક આવતા સમગ્ર ઉત્તરાખંડમાં ઠંડીની માત્રા વધતી જાય છે. આ વખતે પણ ઠંડી હાડ થીજાવશે એવું હવામાન ખાતાનું કહેવું છે.

અમે મિઝોરમ વિધાનસભાની ચૂંટણી જીતીશું અને નવા જોશ સાથે રાજ્યની સેવા કરીશું: જોરામથાંગા

આઈઝોલ,તા.૧૧

મિઝોરમના મુખ્યમંત્રી અને મિઝો નેશનલ ફ્રન્ટના નેતા જોરામથાંગાએ શુક્રવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમની પાર્ટી વિધાનસભા ચૂંટણી જીતશે. જોરામથાંગાએ કહ્યું કે ચૂંટણી જીત્યા બાદ તેમની પાર્ટી આગામી પાંચ વર્ષ વધુ કાર્યક્ષમ રીતે અને નવા ઉત્સાહ સાથે રાજ્યની સેવા કરશે.મિઝોરમની ૪૦ સભ્યોની વિધાનસભા માટે ૭ નવેમ્બરે ચૂંટણી યોજાઈ હતી. મિઝોરમમાં મતગણતરી ૩ ડિસેમ્બરે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને રાજસ્થાન વિધાનસભા ચૂંટણીની મતગણતરી સાથે થશે. અહીં સ્ઢ્ઢ કાર્યાલયમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધતા જોરમથાંગાએ કહ્યું, "અમે ભગવાન અને લોકોની મદદથી સત્તામાં રહીશું. અમે વધુ કાર્યક્ષમતાથી અને નવા ઉત્સાહ સાથે અમારા રાજ્યનું નેતૃત્વ કરીશું અને સેવા કરીશું.

જોરામથાંગા (૭૯)એ જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યને કોવિડ-૧૯ રોગચાળો, ભૂકંપ, સરહદ વિવાદ અને પડોશી દેશોમાંથી ઘૂસણખોરી જેવી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું, "પરંતુ, અમે લોકોને મદદ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો.

દિવાળીને લઈને પાવાગઢ મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરાયો

પાવાગઢ,તા.૧૧

દિવાળીના તહેવારને લઈ શક્તિપીઠ પાવાગઢ ખાતે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આજે કાળી ચૌદસથી લઈને દિવાળી, નવુ વર્ષ અને છેક પાંચમ સુધી દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી ભાવિક ભક્તોએ નવા સમયની નોંધને રજાઓમાં પાવાગઢ મહાકાળી માતાના દર્શને જવું.પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા તહેવારોને અનુલક્ષીને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. આજે ૧૧

નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી પાવાગઢ મંદિરના દરવાજા વહેલી સવારે ભક્તો માટે ખોલી દેવામાં આવશે. એટલે કે, પાવાગઢ મંદિર સવારે ૫.૦૦ કલાકે દર્શન માટે ખુલી જશે. આજે કાળી ચૌદશથી ભાઈબીજ એટલે કે પાંચ દિવસ સુધી પાવાગઢ નીજ મંદિરના કપાટ સવારે ૫.૦૦ કલાકે દર્શન માટે ખોલી દેવામાં આવશે. આ પાંચ દિવસે સાંજે ૭.૩૦ કલાકે નિજ મંદિરના દ્વાર દર્શન માટે બંધ થશે.સુપસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે આજે કાળી ચૌદશનો યજ્ઞ યોજાશે. કાળી ચૌદશ અને શનિવાર નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા છે. આજે શનિવાર અને કાળી ચૌદશનો અનોખો સંયોગ છે. ત્યારે હનુમાનજી દાદાને આજે ભવ્ય હીરા જડિત ડાયમંડના વાઘા પહેરાવામાં આવ્યા છે.

તંત્રી લેખ.....

અનામતની સીમા

બિહાર વિધાનમંડળમાં જાતિગત, આર્થિક, શૈક્ષણિક સર્વે રિપોર્ટનો આંકડો જાહેર કરતાં મુખ્યમંત્રી નીતિશ કુમારે ઓબીસી, ઈબીસી તથા એસસી, એસટી માટે અનામતનો દાયરો ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાની જે જાહેરાત કરી છે, તેનાથી કુલ અનામત ૭૫ ટકા થઈ જવાનું છે. વળી, આ અનામતની અસર માત્ર બિહાર સુધી જ સીમિત નથી રહેવાની, પરંતુ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે અને લોકસભા ચૂંટણીઓ પહેલાં તેના દ્વારા વિપક્ષી ગઠબંધન એક રાજકીય સંદેશ આપવાની કોશિશ કરી રહ્યો છે. આ સર્વેથી નોકરી, શિક્ષણ અને આવકમાં હિસ્સેદારી કરી જે તસવીર સામે આવી છે, એ જ આધાર પર બિહાર સરકાર અનામતની સીમા વધારવાનું વિધેયક લાવી રહી છે. ભાજપ સહિત બીજા પક્ષો બિહારમાં થયેલ આ સર્વેનો વિરોધ નથી કરી રહ્યા, એના પરથી સમજી શકાય છે, કારણ કે એ જાણવું જરૂરી છે કે કુલ આબાદીમાં કોની હિસ્સેદારી કેટલી છે અને તેમની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ શી છે.

પરંતુ સર્વે રિપોર્ટના આધાર પર અનામતનો દાયરો વધારવા માટે વિધેયક લાવવું સામાજિક બહેતરીને બદલે પોતાનાં રાજકીય હિતો સાધવાની જ કોશિશ વધારે લાગે છે. અનામતની શરૂઆત સામાજિક વિષમતા ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી અને એનો પણ ઈનકાર નહીં કે તેના દ્વારા સામાજિક સશક્તીકરણનો ઉદ્દેશ્ય એક હદ સુધી પૂરો પણ થયો છે.

પત્રાવળી-૧૯

પ્રિય પત્રયાત્રીઓ,

મારા છેલ્લા પત્ર પછી તો ઓહોહોપપત્રોનો વરસાદ વરસ્યો અને સમય તો વહેતો ચાલ્યો.

'ખાયણાં' શબ્દથી શરૂ થયેલી વાતમાં રાજુલબહેને, ફટાણાં અને લગ્નગીતોનો સ-રસ માહોલ સર્જી દીધો અને જુગલભાઈએ ઝાડના પાનની જેમ મર્મરતા આપણા પત્રોને દૈનિક વાસરિકા અને દૈનંદિનીના શબ્દ-ઢાળે વાળ્યા! તેમના આ વસંતે કોળેલા, નવપલ્લવિત વૃક્ષની કલ્પનામાં વળી પ્રીતિબહેને એકથી વધુ શબ્દવિષયનાં શોભંતા પાન ખીલવ્યાં!

મિત્રો, સાચું કહેજો હોં! 'કુત્તે કુમાર' વાંચીને કેટલું હસ્યાં? પણ કહું, મને તો વધુ મઝા આવી ગઈ વર્ણાનુપ્રાસ અલંકારની.લય,પ્રાસ,અલંકાર તો મારા શ્વાસ-પ્રાણ. નાનપણથી જ મને પદ્યમાં બોલવું ગમે. ઘણીવાર તો વાતો પણ ગાવાની રીતે કરતી! અને એ રીતે ડાયરીઓ પણ ખૂબ જ લખતી. કેટલીક તો હજી આજે પણ મારી પાસે સાચવીને રાખી છે. મારા દાદીમા તો વળી 'મૂઈ ગાંડી છે' કહી મને ટપલી મારીને પછી ગમતું હસતાં..

દાદીમાના સ્મરણ સાથે, એ સમય અને રોહિતભાઈના 'કાલ' તથા 'કાળ' શબ્દનું સંધાન થયું. તેમની આ શબ્દની વિવિધ અર્થચ્છાયાઓની ખૂબ સરળ ભાષામાં થયેલ વાતો, કેટલી ગહન અને ઊંચી છે! શબ્દની આવી કમાલ, કલમની સાથે સાથે વિચારોને પણ ઓપ આપવાનું કામ

કરે છે અને એ રીતે અંતરને મહેકાવે છે એમ નથી લાગતું?

આજે વર્ણાનુપ્રાસ અને અલંકારની જ વાત સવારથી મગજમાં ઘમ્મર ઘમ્મર ઘૂમરાયા કરે છે. તેથી એ વિશે જ લખું. થોડાં વર્ષો પૂર્વે મનમાં એક તરંગ જાગ્યો અને વર્ણાનુપ્રાસમાં 'ક'થીજ્ઞ' સુધી લખવાની ઘેલછા ઊપડી. કેટલાક નમૂના ટાંકું જેમાં દરેક શબ્દ એક જ અક્ષરથી શરુ થાય છે. જેમ કે,

ઝરૂખેથી ઝૂકી ઝરણા ઝૂમે, ઝૂમક ઝૂમક ઝાંઝર ઝૂમે,
ઝરમર ઝરમર ઝીણી ઝીણી ઝંખના ઝાકળભીની ઝૂલે.

પહેરી પાયલ પનઘટ પર, પનિહારી પલકે પાંપણ પલપલ,
પાથરી પાનેતરનો પાલવ, પહોરે પોકારે પ્રીતમ પ્રીતમપ

કોમળ કોમળ કરમાં કંગન, કંચન કેરાં કસબી કંકણ,
કંઠે કરતી કોકિલ કૂજન, કુંવારીકાના કાળજે કુંદન.

અને આ રીતે તો દરેક અક્ષર પર લખ્યું. તમને થશે કે 'ણ', 'ળ', 'ક્ષ ', 'જ્ઞ' અને 'ખ' જેવા અક્ષરો પર તો કેવી રીતે લખાય? પણ મિત્રો, શબ્દો પર ખૂબ, કઠણ, માનસિક વ્યાયામ/કસરત કરીને પણ મારો ઘેલો તરંગ પાર પાડ્યો. અલબત્ત, ણ અને ળ જેવા અઘરા અક્ષરો માટે એક જુદો, નવો અભિકોણ અપનાવ્યો. ક્યારેક એની પણ રસપ્રદ વાત કરીશું.

હા, તો ઉપરનાં ઉદાહરણો તો એક જ વર્ણથી શરુ થતા શબ્દની વાત હતી. પણ અલંકારો તો મારા અભ્યાસ પ્રમાણે ૪૦ જેટલા છે જેમાં મુખ્યત્ત્વે શબ્દાલંકાર અને અર્થાલંકાર એમ બે વિભાગમાં વહેંચાયેલ છે. એક સરખા ધ્વનિ/નાદ ઉત્પન્ન કરતા,સંભળાતા શબ્દોનો પણ એક અલગ અલંકાર. ખરું કે નહિ?

ઉદાહરણ તરીકે:: ઘનન ઘનન ગરજત નભમંડળ, કરત ક્યાંક કલરવ ખગ તરુવર.
છલ છલ છલકત જલ સરવર પર, નાચત મંગલ મયૂર મનોહર.
પલપલ શબદ લખત મનભાવન, ઝરત પ્રીત મન કરત પાવન.
મસ્ત મસ્ત બરસત અવિરત ઝર,ઝૂલત ઝૂમત શતદલ મધુવન પર.

આ શબ્દો વાંચતા વાંચતા જ ગવાતા લાગે. તમે જોશો કે આમાં મોટાભાગના શબ્દો કાનામાત્ર વગરના છે, એકસરખો ધ્વનિ સંભળાય છે અને અનાયાસે જ તેમાં વ્રજ ભાષાની છાંટ/ઝલક પણ વર્તાય છે ને? અરે, આ ધ્વનિના પણ કેટકેટલા પ્રકારો? વાદળનો ગડગડાટ, વીજળીનો કડકડાટ, ઝાંઝરનો ઝણકાર, કંકણનો ખણખણાટ, ઘંટડીનો રણકાર, વાસણોનો ખખડાટ, પાંદડાનો સળવળાટ, પવનનો સૂસવાટ વગેરે વગેરે. અંગ્રેજીમાં એને ર્હ્વ્ઝ્ટ્ટ્ટ્ટ કહેવાય છે. એ જ રીતે અબોલ પશુ-પંખીના તો આવા અગણિત અવાજ ! વિચાર કરો કે ગાય,કૂતરા,બિલાડી,બકરી,વાઘ, સિંહ,કે પછી કબૂતર, પોપટ, મેના, કોયલ.ચકલી, મોર વગેરેના પણ કેવા જાતજાતના અવાજો!! અને આ અવાજોને પણ પાછા આપણે શબ્દોમાં ઢાળીએ છીએ. ખરેખર, ખૂબ રસપ્રદ વિષય છે એમ નથી લાગતું શું?

ગાંધીનગર એસ.ટી ડેપોમાં ખિસ્સા કાતરુઓનો તરખાટ યથાવત, ભીડનો લાભ ઉઠાવી વધુ એક મુસાફરનો મોબાઇલ ચોરી ફરાર

દિવાળીના તહેવારોમાં ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ખિસ્સા કાતરુઓનો તરખાટ યથાવત રહ્યો છે. નધણિયાત એસ.ટી. ડેપોથી બસમાં ચડતી વેળાએ ભીડભાડનો લાભ ઉઠાવી ખિસ્સા કાતરુએ વધુ એક મુસાફરનો ૨૦ હજારની કિંમતનો મોબાઇલ ફોન ચોરી લીધો હતો. જેથી સેક્ટર - ૭ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

દિવાળીના તહેવારો ટાણે ખિસ્સા કાતરુ ગેંગને મોકળું મેદાન મળી ગયું હોય એમ એસ.ટી ડેપોથી એક પછી એક મોબાઈલ ચોરીના ગુનાને અંજામ આપવામાં આવી રહ્યો છે. તહેવારો ટાણે મુસાફરોની સુરક્ષા અર્થે પોલીસ દ્વારા ખાનગી વેશમાં પહેરો ભરવામાં આવી રહ્યો છતાં પણ બેફામ બનેલા ખિસ્સા કાતરુઓ ગુનાને અંજામ આપી નાસી જવામાં સફળ નીવડી રહ્યા છે.

અમદાવાદના બાવળા ખાતે રહેતો વૃષાંક યોગેશકુમાર પંચાલ સિવિલ ઈજનેર તરીકે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત તારીખ પહેલી નવેમ્બરનાં રોજ તે પોતાના વતન વિસનગર પ્રસંગમાં ગયો હતો અને ચારેક દિવસ રોકાયા પછી વિસનગરથી બાવળા જવા બસમાં ગાંધીનગર એસ.ટી ડેપોએ આવ્યો હતો.

સવારના સમયે ગાંધીનગર-સરખેજ બસ આવતાં વૃષાંક બસમાં ચડયો હતો. એ વખતે ભીડ ભાડ હોવાથી ધક્કામુક્કી થવા લાગી હતી. જો કે, ભીડને ચીરીને તે બસમાં ચઢી ગયો હતો. સીટમાં બેસીને ખિસ્સામાં હાથ નાખ્યો હતો. ત્યારે માલુમ પડયું હતું કે, ભીડનો લાભ ઉઠાવી કોઈ ખિસ્સા કાતરુએ ૨૦ હજારની કિંમતનો મોબાઇલ ચોરી લીધો છે.

આથી વૃષાંક તરત નીચે ઉતર્યો હતો અને મોબાઇલની શોધખોળ કરી હતી. તેમજ અન્ય મુસાફરોની પણ પૂછતાંછ કરી હતી. પરંતુ મોબાઈલની કોઈ ભાળ મળી ન હતી. બાદમાં ઘરે જઈને તેણે ઈ અરજી દાખલ કરી હતી. જે અન્વયે સેક્ટર - ૭ પોલીસે વધુ એક મોબાઈલ ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

GPCB દેખાડો કરતી હોવાની હાઈકોર્ટની ટકોર:નદીમાં પ્રદૂષિત પાણી છોડતી કંપનીઓ સામે ગુનો નોંધો: HC

સાબરમતી નદી પ્રદૂષણ મામલે થયેલી સુઓમોટો અરજીમાં હાઈકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરાઈ હતી કે, કેટલીક ખાનગી કંપનીઓએ નદીમાં પ્રદૂષિત પાણી છોડવા પાઈપલાઈન નાખી છે. ગેરકાયદે જોડાણ કરનારી કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવા હાઈકોર્ટે જીપીસીબીને આદેશ કર્યો છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની ખંડપીઠે જીપીસીબીનો ઉધડો લેતા એવી ટકોર કરી હતી કે, તમે આવી જવાબદાર કંપનીઓ સામે સતત નિરીક્ષણ કરી રહ્યા નથી. કોર્ટમાં જ્યારે સુનાવણી હોય ત્યારે તમે ખોટા દેખાડા કરો છો પરતું હકીકતમાં તમે કોઈ કામ કરી રહ્યા નથી. ખંડપીઠે મ્યુનિસિપલ કોર્પોરેશનને એસટીપીમાં શું પગલા લેવાઈ રહ્યા છે? તેની તમામ વિગતો રજૂ કરવા આદેશ કર્યો છે.

સાબરમતી નદીમાં ઔધોગિક એકમો દ્વારા છોડાતા પ્રદૂષિત પાણી મામલે અદાલત મિત્રએ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે, બે વર્ષ વીતી ગયા છતા હજુપણ ઘણી ખાનગી કંપની નદીમાં ગેરકાયદે પ્રદૂષિત પાણી છોડી રહી છે. વિશાલા સર્કલ નજીક આવેલી ગુલશન બેરલ્સ નામના યુનિટે નદીમાં આવેલી મેગા પાઈપ લાઈન સાથે પોતાના યુનિટનું કેમિકલ યુક્ત ગંદુ પાણી વહાવવા માટે ગેરકાયદે જોડાણ લીધુ છે. ખંડપીઠે જીપીસીબી સામે નારાજગી વ્યક્ત કરતા એવી ટકોર કરી હતી કે, જેટલા ઔધોગિક એકમો ગેરકાયદે જોડાણ ધરાવે છે તે તમામ સામે પગલાં લો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ જેલ પરિવારોના ઘરે આનંદનો દીપ પ્રજ્વલિત કરતી રાજ્ય સરકાર

★★★

જેલ પરિવારના સિપાઈ, હવાલદાર અને સુબેદાર જેવા કર્મચારીઓના ભથ્થામાં નોધપાત્ર વધારો:ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

★★★

વર્ગ-૩ના કર્મચારીઓ માટે તા.૨૯ ઓગસ્ટ-૨૨ મંજૂર થયેલ ધોરણે તે જ તારીખ થી લાભ અપાશે

★★★

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષસંઘવી એ જણાવ્યું છે કે, કર્મચારીઓના હિતને વરેલી રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જેલ પરિવારના સિપાઈ, હવાલદાર અને સુબેદાર જેવા કર્મચારીઓના ભથ્થામાં નોધપાત્ર વધારો કરીને તેમના ઘરે દિવાળી પર્વમાં આનંદનો આવકાર થાય તેવો નિર્ણય કર્યો છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી એ ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ગ-૩ના કર્મચારીઓ માટે તા.૨૯.૦૮.૨૦૨૨ થી મંજૂર થયેલ ભથ્થા અનુસાર તેજ ધોરણે તે જ તારીખ થી આ લાભ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યું કે,જાહેર સુરક્ષા પ્રોત્સાહન ભથ્થામાં રાજ્ય સરકારે જે વધારો કર્યો છે તેમાં જેલ સહાયકને અગાઉ અપાતું નહોતું તે હવે રૂ.૩૫૦૦, સિપાઈ વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૪૦૦૦, હવાલદાર વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૪૫૦૦, સુબેદાર વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૫૦૦૦ સુરક્ષા પ્રોત્સાહન ભથ્થું અપાશે.આ ઉપરાંત ફીક્સ પગારના જેલ સહાયકોને રૂ.૧૫૦/- લેખે જાહેર રજાના દિવસે ચૂકવાતા વળતરમાં વધારો કરીને રૂ.૬૬૫/- રજા પગાર ચુકવવામાં આવશે.

મોટાભાગના વિસ્તારોમાં ૧થી ૩ કલાક સુધી જામ, હજારો લોકો અટવાયા

શુક્રવારે ધનતેરસના દિવસે સવારથી જ લોકો બજારોમાં કપડાં, ફટાકડા, સોના - ચાંદી, બૂટ ચંપલની ખરીદી કરવા ઉમટ્યા હતા. જેના કારણે ભદ્રકાળી, લાલ દરવાજા, દાણાપીઠ, દિલ્હી ચકલા, ત્રણ દરવાજા, રિલીફ રોડ, કાલુપુર, બાપુનગર, આશ્રમ રોડ, સીજી રોડ, આનંદનગર રોડ, ગુરુકુલ રોડ, જજીસ બંગલા રોડ સહિતના રસ્તાઓ પર ટ્રાફિક જામ રહ્યો હતો. જ્યારે તમામ પુલ ઉપર પણ ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકો એકથી દોઢ કલાક સુધી ફસાયા હતા. આ અંગે ટ્રાફિક ડીસીપી નીતા દેસાઈએ કહ્યું, કંટ્રોલ રૂમ દ્વારા જ્યાંથી પણ મેસેજ મળ્યો હતો ત્યાં ટ્રાફિક પોલીસે પહોંચીને વાહન વ્યવહાર રેગ્યુલર કરાવ્યો હતો. મોડી રાત સુધી ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો.



આજે તમને બોણીમાં મળેલી એક રૂપિયાની નવી નોટ યાદ આવે છે ખરી?

પહેલા આપણે દિવાળીની રાહ જોતા હતા જયારે આપણે ચાર પાંચ દિવસ સવારે વહેલા ઘરની બહાર નીકળી જતા હતા.અને આંખો દિવસ બોણી લેવામાં પસાર કરતા હતા.રાત પડતા બધા ભાઈ બહેન કોને કેટલી બોણી મળી એનો હિસાબ કરતા હતા એ બોણીની રકમની એક અલગ મજા અલગ રોમાંચ હતો.આપણે ખુશ ખુશ થઈ જતા હતા.આપણે પાડોશીને પગે લાગીએ અને એ ૨૫ પૈસાનો નવો સિક્કો આપે તો કોઈ પાડોશી એક રૂપિયાની નવી નકકોર નોટ આપે તો આપણે એકદમ રાજી થઈ આનંદથી ઘરે ભાગતા જતા હતા કે કેટલા પૈસાવાલા છે.બોણીમાં એક રૂપિયો આપે છે.બોલો આપણા લાખો રૂપિયાની કિંમત આ એક રૂપિયા સામે કઈ જ ના કહેવાય.

આપણે સાલ મુબારકના દિવસે બધાના ઘરે જઈ મુખવાસ ખાતા હતા અને પછી ઘરે આવીને મુખવાસની વાતો કરતા હતા કે પેલાના ત્યાં મુખવાસમા માત્ર ડ્રાયફુટ જ હતા અને પેલા ઘરમાં મુખવાસમા કઈ દમ નહોતો.એ ફટાકડાની ધૂમ રંગોળી માટે આખી રાત જાગવામાં આવતી આખી રાત તૈયારી ચાલતી અને પાછુ સવારે વહેલા ઉઠવાનું.

નવા વરસનો દિવસ જેવો પસાર કરીએ આખુ વરસ એવું જાય એમ માનતા બધા ખુશી ખુશી આખો દિવસ પસાર કરતા હતા એમાં આનંદ હતો રાજીપો હતો અને ખુશી હતી.

એ દિવાલીએ આપણને અઢળક સુખ આપ્યું હતું એ દિવાલીએ આપણને અનહદ સાત્વના આપી છે.નવા વરસની શરૂઆત થતી હોય ત્યારે સાલ મુબારક કહેવાની ખુશી તે ખુશી અકલ્પનિય હતી અને એ ખુશીઓ વચ્ચે ક્યાંક ક્યાંક જીવનની નવી દિશા પણ હતી.ખરેખર ખોવાઈ ગઈ છે એ દિવાળી જે હૈયે ટાઢક આપતી હતી ઘરમાં ઘૂઘરા અને ચોરાફળીની ખુશ્બૂઓ ફેલાવતી હતી.

હવે ઘરે આવતી ચોકલેટ મીઠાઈઓ ગમતી નથી ભાવતી નથી કેટલાય દિવસો સુધી ફ્રિજમાં પડી પડી સડે છે.હવે પાછા સેવ ફાફડા મઠિયા ઘૂઘરા ચોરાફળી ઘરની નાનખટાઈ મીઠાઈઓ જોઈએ છે.જેમાં માના હાથનો સ્પર્શ હોય જાદુ હોય અને માનો એ સ્પર્શ આપણને જીવવાની નવી તાકાત અને નવી દિવાળી જોવાની લાલચ જન્માવી દેતો હતો.

આપણે આ દિવાળીમાં એક વસ્તુનું ખાસ ધ્યાન રાખવાનું છે કે આપણે જોઈતી તમામ ચીજવસ્તુઓ આપણા ભારતીય ભાઈબહેનોએ બનાવેલી જ ખરીદવાની છે.આસોપાલવના તોરણ કેળના પાત્રા ઝુંમર સુશોભનની ડેકોરેશનની વસ્તુઓ ફટાકડા રંગોળી ભગવાનના ફોટા મંદિર ટીવી ફ્રિજ મોબાઈલ દરેક વસ્તુ મેડ ઈન ઈન્ડિયા જ ખરીદવાની છે.ફૂટપાથ પર કે રસ્તા વચ્ચે બેસતા લોકો પાસેથી જ ચીજવસ્તુઓની ખરીદી કરો.જેથી એ લોકોનો વેપાર થાય અને એ નાના માણસો પણ તહેવાર ઉજવી શકે એમની પાસે વધારે ભાવતાલ કરવો નહી.આપણે ક્યારેય સોનીની દુકાનમાં કે મોલમાં ભાવતાલ કર્યા છે ખરા?

અમિતાભબચ્ચનની રજુ નહી થયેલી ફિલ્મો તમને ખબર છે?

અમિતાભ બચ્ચન વિશે બધું જ લખાઈ ગયું છે.અમિતાભની કેટલીક ફિલ્મોએ જંગી કમાણી કરી છે અમિતાભની ઘણી બધી ફિલ્મો સિલ્વર જ્યુબલી અને ગોલ્ડન જ્યુબલી ઉજવી ચુકી છે.હજુય અમિતાભની ફિલ્મો આવી રહી છે.અમિતાભ માત્ર સિનેરસીકોના જ નહી ફિલ્મો બનાવનારાના પણ પસંદગીના માનીતા કલાકાર છે.લેખકો હોય નિર્માતા હોય કે નિર્દેશક હોય આજ દિવસ સુધી અમિતાભને નજરમાં રાખી વાર્તાઓ લખવાનો ફિલ્મો બનાવવાનો સિલસિલો ચાલુ જ છે.પણ તમને ખબર છે અમિતાભની પણ કેટલીક ફિલ્મો એવી છે કે જેના નસીબમાં થીએટર સુધી પહોંચવાનું નસીબમાં નહોતું.૧૯૭૦માં મુકુલ દત "યાર મેરી જીંદગી " ફિલ્મ બનાવી રહ્યા હતા આ ફિલ્મમા અમિતાભ સાથે હતા શત્રુઘનસિંહા આ ફિલ્મ બનતા ઘણો સમય થઈ ગયો છે હજુ ફિલ્મ ધૂળ ખાઈ રહી છે.૧૯૭૨ મા અમિતાભને લઈને "અપને પરાયે " નામની ફિલ્મની જાહેરાત થઈ.ફિલ્મમાં અમિતાભ સાથે રેખા હતી પણ એ સમયે અમિતાભ એંગ્રીયંગમેન હજુ બન્યા નહોતા.રેખા પણ જાણીતી હિરોઈન નહોતી.નવા કલાકારો સાથે બનેલી ફિલ્મ ચાલશે નહી એ ડરથી ફિલ્મ બનાવવાનું માંડી વાળવામાં આવ્યું.અમિતાભ શ્રીદેવીની " ખુદા ગવાહ " તો બધાને ખબર જ છે પણ આજ નામ સાથે ૧૯૭૮ મા ફિલ્મ બનવાની હતી હિરોઈન હતી પરવીનબાબી ફિલ્મ પોણાભાગની તૈયાર થઈ ગઈ હતી પણ કોણ જાણે કેમ ફિલ્મ બનાવનારને એમ લાગ્યું કે ફિલ્મ યોગ્ય રીતે આગળ વધતી નથી એમ સમજી ફિલ્મ પડતી મુકાઈ.૧૯૭૯ મા મનમોહન દેસાઈ " શરફરોશ નામની ફિલ્મ બનાવી રહ્યા હતા આપણા અમિતાભ સાથે હતા રિસીકપુર કાદરખાન શક્તિકપૂર પણ કોઈ કારણોસર આ ફિલ્મ બંધ થઈ ગઈ.સુભાષ ઘાઈ મોટા નિર્દેશક ગણાય છે એમને અમિતાભને લઈને "દેવા " નામની ફિલ્મની જાહેરાત કરી હતી.ફિલ્મ ડાકુકથા પર આધારિત હતી ૧૯૭૮ મા આ ફિલ્મ બનવાની શરૂઆત થઈ થોડા શુટિંગ પછી ફિલ્મ બંધ થઈ ગઈ.આ



નામ સાથે સુભાષ ઘાઈએ હજુ સુધીમાં કોઈ ફિલ્મ બનાવી નથી.૯૦ ના દાયકામા સુજીત સરકાર અમિતાભને લઈને " શું બાઈટ " નામે ફિલ્મ બનાવી રહ્યા હતા ફિલ્મ બની પણ ગઈ પણ ફિલ્મના અધિકાર માટે લડાઈ શરૂ થતા ફિલ્મ કાયદાકીય લડાઈમાં ફસાઈ ગઈ.અમિતાભને લઈને દિલીપકુમાર " ક્લીગા " નામની ફિલ્મ બનાવવાના હતા પણ ફિલ્મ બનાવતા બહુ સમય લાગતો હોવાથી નિર્માતા સુધાકર બોકડે એ ફિલ્મ બંધ કરી દીધી.જે પી દત્તા પણ અમિતાભને લઈને ફિલ્મ બનાવવાના હતા પણ પેસાના અભાવે ફિલ્મ બની જ નહી.એમ મનાય છે કે અમિતાભની લાંબી કારકિર્દીમા આવી એક બે નહી ૮૦ થી વધુ ફિલ્મો એવી છે જે કદી થીએટર સુધી આવી જ નહી આમાં કેટલીક ફિલ્મોના નિર્માતા નિર્દેશક પ્રભાવશાળી જાણકાર હતા ફિલ્મ બની હોતે તો સીનેરસીકોને અમિતાભની વધુ સારી ફિલ્મો જોવા મળતે

અબ્બાસભાઈ કોકાવાલા,સુરત

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું